દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૨ ● અંક : ૧૧ ● તા. ૧૫-૦૮-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂ. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂ. ૫૦/-

## સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના

ષષ્ટમ સંમેલનમાં નિર્ણય થયા મુજબ આ યોજનાને જ્ઞાતિજનો તરફથી સારો આવકાર મળી રહ્યો છે.

આ યોજનામાં હાલ ત્રણ જુથ છે. ઘણા બધા જ્ઞાતિજનોની લાગણી હતી કે ત્રણ ને બદલે ચાર જૂથ કરવા જોઈએ. હાલ ૫૧ થી ૭૦નું વય જૂથના બે ભાગ પાડવા જોઈએ.

આ અંગે વિચાર વિમર્શ પછી હવે આ યોજનામાં નીચે પ્રમાણે વય જૂથ પ્રમાણએ રકમ ભરવાની રહેશે.

| વય જૂથ (વર્ષ) | દાખલ ફીની રકમ (રૂા.) | ડીપોઝીટ | કોર્પસ ફંડ | કુલ રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| ૨૧ થી ૪૦ | ૨૫૦ | ૫૦૦ | ૫૦ | ૮૦૦ |
| ૪૧ થી ૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦ | ૧૦૫૦ |
| ૫૧ થી ૬૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૫૦ | ૧૫૫૦ |
| ૬૧ થી ૭૦ | ૨૦૦૦ | ૫૦૦ | ૫૦ | ૨૫૫૦ |

ઉપર મુજબની રકમ ફક્ત એક વખત ભરવાની રહેશે. બાકીના નિયમો અને શરતો યથાવત છે. સભ્ય સંખ્યાના ૧૦૦ ગણી રકમ સભ્યના અવસાન સમયે મળવાપાત્ર થશે. ૫૧ થી ૬૦ વર્ષ વય જુથના જે સભ્યે રૂા. ૨૫૫૦ ભરેલ ફી તેમને રૂા. ૧૦૦૦ પરત ચુકવવામાં આવશે. દરેક જ્ઞાતિજનને આ યોજનામાં સભ્ય થઈ પરસ્પર મદદની ભાવનાને બળવત્તર બનાવવા વિનંતી છે.

### સમસ્ત ભટ્ટમેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ સહાય) યોજનામાં સભ્ય બનેલા સૌ સભ્યોને અકસ્માત વિમા યોજનાનો વિશેષ લાભ

સમસ્ત ભટ્ટમેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજનામાં સભ્ય થયેલા અને તા.૩૧.૮.૧૧ ના રોજ જેમની ઉંમર ૭૦ વર્ષથી ઓછી છે તેવા તમામ સભ્યોને અકસ્માત વિમા યોજનાનો લાભ તા.૧.૯.૧૧ થી તા.૩૧.૮.૧૨ સુધીના સમયગાળા માટે મળશે. આ યોજનામાં અકસ્માતથી મૃત્યુમાં રૂ. એક લાખ સુધીનો લાભ મળવાપાત્ર બનશે. યોજનાના સૌ સભ્યોને તેની નોંધ લેવા વિનંતી છે.

## વર્ષોથી ચાલી આવતી -થા મુજબ ગાંધીનગરમાં શ્રાવણમાસની ઉજવણી શરૂ

શ્રી ભટ્ટમેવાડા બ્રહમ સમાજ, ગાંધીનગર દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથને ભજવાની પરંપરા સમાજના આગેવાનો સ્વ.શ્રી ભાઈશંકરભાઈ પંડયા, શ્રી કાંતીભાઈ એસ. પંડયા, શ્રી નવનીતભાઈ ભટ્ટ, શ્રી બીપીનભાઈ દિક્ષીત, શ્રી જયોતીન્દ્રભાઈ મહેતા, શ્રી ભરતભાઈ ભટ્ટ વગેરેએ શરૂ કરેલી તે આજે પણ ઉત્સાહપૂર્વક જળવાઈ રહી છે. ચાલુ શ્રાવણ માસમાં પાંચ લઘુરુદ્રનું આયોજન કરેલ છે તે પૈકી શ્રી -કાશભાઈ ભટ્ટ અને શ્રી નિરવભાઈ પંડયાના ત્યાં લઘુરુદ્ર યોજાઇ ગયો. બાકીના લઘુરુદ્ર શ્રી -કાશભાઈ જોશી, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય અને શ્રી હિમાંશુભાઈ બીપીનભાઈ દિક્ષીતના ત્યાં યોજાશે.આ લઘુરુદ્રમાં જ્ઞાતિબંધુઓ ભાગ લેતા હોઈ કોઈ ખર્ચ થતો નથી. પૂજા વિધિ શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી વ્યોમેશભાઈ દિક્ષીત, શ્રી વિનુભાઈ ગોર, શ્રી મુકેશભાઈ ભટ્ટ અને શ્રી હિમાંશુભાઈ દિક્ષીત વગેરે પૈકી અનુકૂળતા મુજબ કરાવતા હોય છે. બાકીના દિવસોએ શ્રી શિવમહિન્મ સ્ત્રોત, શ્રી શિવમાનસ પૂજા, દ્વાદશ જયોર્તીલીંગ, શ્રી વિષ્ણુસહસ્ત્રનો પાઠ વગેરે કરવામાં આવે છે. આ વર્ષનો -વાસ સાબરકાંઠા જીલ્લાના -ચીન શિવમંદિરો - વિરેશ્વર, શારણેશ્વર વગેરેનો છે અને તેના યજમાન પદે કુકરવાડાના ગાંધીનગરમાં વસતા જ્ઞાતિજનો બિરાજશે.

**અકસ્માત વિમા યોજનાનું પ્રિમીયમ રૂા. ૫૦ છે. જે તા. ૨૦-૦૮-૨૦૧૧ સુધીમાં ભરી સુરક્ષિત બનવાનો અહેસાસ મેળવો.**

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

# તંત્રી સ્થાનેથી....

## પવિત્ર શ્રાવણ માસનો લાભ લઈએ

પરમ પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો. હિંદુ ચાતુર્માસ અને સંન્યાસીઓના ચતુર્પક્ષ અંતર્ગત આવતાં શ્રાવણ માસનું મહત્વ ખૂબજ વિશિષ્ટ છે. સમય ધર્મ-કાર્યો અને ખાસ કરીને આધ્યાત્મિક ઉન્નતિની સાથે લૌકિક-શારીરિક પ્રગતિ માટે પણ આ સમય શ્રેષ્ઠ છે. પવિત્ર એવા શ્રાવણ માસમાં શિવ પૂજનનું ખાસ મહત્વ છે. આજના ઝડપી યુગમાં સમયની અનુકૂળતા ઓછી હોય ત્યારે શિવજીની કૃપા મેળવવા માટે ૧૦૮ વખત ઓમ નમઃ શિવાયનું ઉચ્ચારણ કરીને શિવલિંગ ઉપર જળાભિષેક બિલપત્ર પણ ચઢાવવા જોઇએ.

શ્રાવણ માસમાં દરરોજ શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન કરવું જોઇએ. આ માસ અંતર્ગત યથા શક્તિ લઘુરુદ્ર, મહારુદ્ર અથવા અતિરુદ્ર પાઠ કરવાથી પણ મહાદેવજીની કૃપા મળે છે. આખા માસ દરમિયાન સ્નાનાદિથી સંપન્ન થઇને પૂજા સ્થાને અથવા શિવાલયમાં બેસીને મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવાથી પણ શિવજીની કૃપા થવાથી નિરામય આરોગ્યની પ્રાપ્તિ થાય છે અને બાધા-મુશ્કેલીમાં રાહત મળે છે. શ્રાવણ માસમાં આવતા સોમવારનું મહત્વ અતિવિશિષ્ટ છે. આ દિવસે ષોડષોપચાર પૂજન પણ કરવામાં આવતું હોય છે. આ દિવસે વિદ્વાનો પાસે રુદ્રાભિષેક પણ કરાવી શકાય છે. આ દિવસોમાં પૂજા-ઉપાસના સાથે બ્રહ્મચર્ય, ઉપવાસ કે ફળાહાર કે એકટાણું કરી શકાય છે. ખાસ કરીને સદાચરણનું ખાસ મહત્વ છે.


Kirit Upadhyay
M. 98256 55405

Jaimin Upadhyay
M. 96628 30607



fruits/platters/juices

2, Yogi Complex, Opp. Axix Bank,
Nr. Drive-in-Cinema, Ahmedabad-54.
Ph. : 079-30221144


આપણી સાથે કોઇએ કરેલો અન્યાય આપણે પવન, પાણી કે રેતી પર લખીને ભૂલી જવાનો છે, પણ આપણા પર કોઇએ કરેલો નાનકડો પણ ઉપકાર તો આપણે આરસની તકતી પર લખીને સતત યાદ રાખવાનો છે. સ્વસ્થ, મસ્ત અને -સન્ન રહેવાની કળા આ અભિગમના સ્વીકારમાં પડી છે.

(આચાર્ય વિજય રત્નસુંદરસૂરી મહારાજ)

## જીવન જીવવાની વાત

ખાવા જેવી કોઈ ચીજ હોય તો ગમ છે
ગળવા જેવી કોઈ ચીજ હોય તો અપમાન છે
પચાવવા જેવી કોઈ ચીજ હોય તો બુદ્ધિ છે
પીવા જેવી કોઈ ચીજ હોય તો ક્રોધ છે
આપવા જેવી કોઈ ચીજ હોય તો દાન છે
લેવા જેવી કોઈ ચીજ હોય તો જ્ઞાન છે
જીતવા જેવી કોઈ ચીજ હોય તો પ્રેમ છે
હારવા જેવી કોઈ ચીજ હોય તો દયા છે
સાંભળવા જેવી કોઈ ચીજ હોય તો ગુણ છે
બોલવા જેવી કોઈ ચીજ હોય તો સત્ય છે

- સંકલન જિતેન્દ્ર પુરોહિત (ગાંધીનગર)

વૈદ્ય શ્રી અરવિંદભાઈ આર. ઉપાધ્યાયે પત્ર લખી જણાવેલ છે કે, તેઓ આયુર્વેદ ચિકિત્સક છે અને વંધ્યત્વ, સોરીયાસીસ, આમવાત, સંધીવાત જેવા રોગોમાં સ્પેશીયાલીટી ધરાવે છે. તેઓએ ભટ્ટમેવાડા જ્ઞાતિજનોને તેમની ફીમાં ૫૦ ટકા રાહત આપવા જણાવેલ છે. જ્ઞાતિના જે ભાઇ/બહેનો તેમની સેવા લેવાની ઇચ્છા હોય તેમણે ફોન નં.૯૪૨૬૫ ૯૦૧૮૦ ઉપર સંપર્ક કરવો.

## શુભેચ્છા

શ્રી ભટ્ટમેવાડા બ્રહમ સમાજ ગાંધીનગરના સક્રિય કાર્યકર અને શ્રી પતંજલિ યોગ પીઠના યોગશિક્ષક વર્ષાબેન કંચનભાઈ દવે ભારત સરકાર દ્વારા લઇ જવાતા રસ્તેથી કૈલાસ માન સરોવરની યાત્રાએ જઇ રહયા છે. તેમને ગાંધીનગર સમાજ અને ભટ્ટમેવાડા વર્તમાન વતી હાર્દિક શુભેચ્છાઓ. વર્ષાબેનની યાત્રા સુખદ રહે તથા આ યાત્રા તેમના માટે અને સમસ્ત ભટ્ટમેવાડાજનના ઉત્કર્ષ માટે ફળદાયી બને તેવી પુજય શ્રી એકલિંગજી દાદાને -ર્થના.

# ઋતુનું ફળ : કેળાં

આયુર્વેદનાં આધારે કેળાં માટે એવી માન્યતા પ્રચલિત છે કે જો તે સવારે ખાવામાં આવે તો તેની કિંમત તાંબા જેટલી હોય, બપોરે ખાવામાં આવે તો ચાંદી જેટલી કિંમત અને સાંજે તેને ખાવામાં આવે તો તેની કિંમત સોના જેટલી હોય છે. અર્થાત્ કેળાંનો સાંજે ઉપયોગ કરવો વધુ ફાયદાકારક - ગુણકારી ગણવામાં આવે છે.

ગુજરાતમાં મુખ્યત્વે ખેડા, આણંદ, વડોદરા, ભરુચ, વલસાડ અને સુરત જિલ્લામાં વિશેષ પ્રમાણમાં કેળાંનું વાવેતર છે. એક અંદાજ પ્રમાણે વિશ્વભરમાં ૪ કરોડ ૯૬ લાખ ૩૦ હજાર ટન કેળાંનું ઉત્પાદન કરવામાં આવે છે. આ પૈકી ૭૦ લાખ ટન કેળાં તો માત્ર ભારતમાં જ થાય છે. ભારતમાં સૌથી વધુ કેળાંનું ઉત્પાદન મહારાષ્ટ્રમાં થાય છે.

પ્રાચીન કાળથી જ ભારતમાં ફળોનું અનેરુ મહત્વ રહ્યું છે. આપણા પૂર્વજો પણ ફળોનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરતા આવ્યાં છે. આજે પણ આપણા દેશમાં કેરી પછી બીજા ક્રમે કેળાંનો લોકો ભરપૂર ઉપયોગ કરે છે. ચરબીનું ખૂબ જ ઓછું પ્રમાણ ધરાવતાં કેળાંમાં ફોસ્ફરસ તથા કેલ્શિયમ વિપુલ પ્રમાણમાં હોય છે.



આથી કેળાં ઊંચી કેલરી શક્તિવાળું ફળ કહેવાય છે.

ખાવામાં પાકાં તથા કાચા એમ બંને પ્રકારનાં કેળાંનો ઉપયોગ થાય છે. પાકાં કેળાં તો છાલ છોલીને સીધા જ ખાઈ શકાય છે, જ્યારે કાચા કેળાંનું શાક બનાવીને ખાઈ શકાય છે. કેળાંનાં ભજીયા, રાયતું ઉપરાંત કેટલાક લોકો તેની ભાખરી પણ બનાવીને ખાય છે.

કેળાંમાં કુદરતી સાકર સમું ગ્લુકોઝ હોવાને કારણે તેમાં મીઠાશ અનુભવાય છે. કેળાંમાં રહેલા ગ્લુકોઝ તત્વને કારણે જ તે સ્નાયુઓને પોષણ અને શક્તિ પ્રદાન કરે છે. કેળાંમાં રહેલાં ખનીજ દ્રવ્યોનો વિપુલ જથ્થાને પરિણામે તેનું નિયમિત સેવન કરનારનું શરીર નિત્ય વિકસતું રહે છે. પાકાં કેળાંમાં ગ્લુકોઝનું પ્રમાણ વધારે હોવાથી તે રાત્રે ખાવામાં આવે તો તે સહેલાઈથી પચી જાય છે અને બીજે દિવસે દસ્ત સાફ લાવવામાં પણ સહાયક બને છે. કબજિયાતથી ગ્રસ્ત બાળકો કે મોટી ઉંમરના (અનુ. પાન નં. ૪ પર)

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704

## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



હિંમતનગર તાલુકા રાયગઢના વતની અને હાલ અંકલેશ્વરમાં રહેતા હેમાંગ હર્ષદરાય જોષીના પુત્ર જય જોષીએ એસ.એસ.સી. પરીક્ષામાં ૯૧ ટકા અને પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૨૬ ટકા મેળવી ભટ્ટ મેવાડા સમાજ તેમજ ગામનું ગૌરવ વધાર્યું છે.

**ભટ્ટમેવાડા વર્તમાનના અંકો દર માસની ૧૫ તારીખે રવાના કરવામાં આવે છે જે મોડામાં મોડા ૨૫ તારીખ સુધીમાં સામાન્ય રીતે મળી જતા હોય છે. કોઈ કારણસર જો અંક ન મળે તો પત્ર દ્વારા શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં.૧૩૧૬/એ-૨, સેક્ટર-૭ડી, ૩૮૨ ૦૦૭ ગાંધીનગરના સરનામે અથવા ફોન નં.(૦૭૯) ૨૩૨૩૦૬૩૨ પર જણાવવા વિનંતી છે કે જેથી જે જ્ઞાતિજનોને અંક ન મળ્યો હોય તેમને મોકલવાની વ્યવસ્થા થઈ શકે.**

## 'ભટ્ટમેવાડા વર્તમાન'ના પ્રતિનિધિઓ


૧. શ્રી ભરતકુમાર ભાઈશંકર જોશી,
શાંતાદેવી સચ્ચિદાનંદ મીશ્રાની ચાલ, રૂમ નં.૩
હનુમાન નગર, મલાડ(ઈસ્ટ), મુંબઈ ,
ફોન નં.૨૮૪૦૮૪૮૧ તથા
શ્રીમતિ જે.બી.ખોત હાઈસ્કુલ, બોરીવલ્લી

૨. શ્રી મુકેશભાઈ ઓ.પંડયા,
કડવા સવાની પોળ, કંસારા બજાર, નડીયાદ.
ફોન નં.૨૫૬૮૧૪૪.


## જ્ઞાતિબંધુઓને વિનંતી

સૌ જ્ઞાતિબંધુઓ, વિવિધ સમાજોના આગેવાનો, હોદ્દેદારોને ખાસ વિનંતી છે કે, તેમના ગામ/શહેરમાં સમાજને લગતી બાબતોની જાણકારી ભટ્ટમેવાડા વર્તમાનને કરે કે જેથી તેની જાણકારી સમસ્ત સમાજને મળે. ખાસ કરીને લગ્ન, અવસાન, એવોર્ડ, સિદ્ધિ, વિદ્યાર્થીઓને લગતી ખાસ વિગતો તથા તેમના દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ -વૃત્તિઓની વિગતો મોકલવા વિનંતી છે.


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in


**ઋતુનું ફળ..** (પાન ૪નું શેષ)
વ્યક્તિઓએ રોજ રાત્રે કેળાં ખાવા જોઈએ, જેથી જુલાબ કે રેચની આવશ્યકતા જ નહીં પડે.

જ્યારે વ્યક્તિનાં શરીરમાં હિમોગ્લોબીન ઘટી જાય છે ત્યારે શરીર ફીકું પડી જાય છે. શરીરની ચમક, લાલાશ ઘટી જાય છે. વ્યક્તિ નિરુત્સાહી થઈ જાય છે. કામ કરતાં કરતાં વારંવાર થાકી જાય છે. આવી પરિસ્થિતિમાં કેળાંનો ઉપયોગ કારગર સિદ્ધ થઈ શકે તેમ છે. કારણ કે કેળાંમાં લોહ, તાંબુ અને મેંગેનીઝ જેવા લોહી વધારનારા તત્વો રહેલાં છે. આ ત્રણેય ખનીજ ક્ષારો હિમોગ્લોબીનની બનાવટમાં ખૂબ જ ઉપયોગી સિદ્ધ થાય છે. આ ઉપરાંત કેળાંમાં રહેલ કેલ્શિયમ અને ફોસ્ફરસને કારણે તે હાડકાંનાં બંધારણ તથા વિકાસ માટે મહત્વનો ભાગ ભજવે છે.

પિત્તનાં રોગથી પીડિત વ્યક્તિઓ પણ કેળાંનો છૂટથી ઉપયોગ કરી શકે છે. કારણ કે કેળાંમાં રહેલાં ખનીજતત્વોને કારણે હોજરીમાં ખટાશ વધતી નથી. ઉલટું જો પાકાં કેળાંની સાથે ઘી મેળવીને ખાવામાં આવે તો તેનાથી પિત્તરોગ મટે છે.

કેળાં ખાઈને તરત પાણી પીવાથી શરદી થાય છે. માટે કેળાં ખાધા પછી તુરંત પાણી પીવું હિતાવહ નથી. વળી, કાચા કેળાં સીધે સીધા ખાવાથી પેટમાં ભાર કરે છે. તે પચવામાં ભારે હોય છે અને પેટનો દુઃખાવો પણ કરે છે. જ્યારે શરદી થઈ હોય ત્યારે કેળાં ખાવા હિતાવહ નથી. કેળાં ખાધા પછી થોડી ઈલાયચી ખાવી જોઈએ.

दृते दृँ ह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥

-યજુર્વેદ ૩૬-૧૮

હે સર્વાધાર પરમાત્મા સર્વ પ્રાણીવર્ગ મને મિત્રની નજરે જુએ. હું પણ સર્વ પ્રાણી વર્ગને મિત્રની દૃષ્ટિએ જોઉ છું અથવા જોઉં. અમે સર્વે લોકો એક બીજાને મિત્રની દૃષ્ટિએ જોઈએ.

## દુઃખદ અવસાન

♦ **રાયગઢના વતની અને જાગૃતિબેન તથા શીતલબેનના પિતાશ્રી તથા શ્રી દિલીપકુમાર કનુભાઈ જોશી અને શ્રી આશીષભાઈ ભટ્ટના સસરા શ્રી સુરેશચંદ્ર દુર્ગાશંકર ભટ્ટનું અવસાન થયેલ છે.**

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી "ભટ્ટ મેવાડા વર્તમાન" પરિવારની પ્રભુ પ્રાર્થના.

# કબજીયાત:કારણ, અસર અને ઉપાય (૧)

મનુષ્યના જીવનમાં દુ:ખના ત્રણ કારણો છે - (૧) શરીરના વ્યાધિઓ (૨) મનના વ્યાધિઓ (૩) કજીયા-કલહ ઉત્પન્ન કરનારી ભાષા. શરીરના વ્યાધિઓ દૂર કરવા માટે તેમણે "ચરક સંહિતા" લખી, એટલે એમનું નામ ચરક પડ્યું. મનના વ્યાધિઓ દૂર કરવા તેમણે "યોગસૂત્ર" લખ્યું એટલે તેમનું નામ પતંજલિ પડ્યું. કજીયા-કલહ ઉત્પન્ન કરનારી ભાષા સુધારવા તેમણે વ્યાકરણ લખ્યું એટલે તેમનું નામ પાણિનિ પડ્યું.

શરીરનાં વ્યાધિઓ દૂર કરવા તેમણે "ચરક સંહિતા" લખી. તેમાં લગભગ બધાજ રોગોનું મૂળ તેમણે આંતરડામાં મળની હાજરીનું જ જણાયું અને એ ચીકાશયુક્ત ચોંટી રહેલા મળનું કારણ પાચક રસોના નબળાપણું અથવા મંદ અગ્નિ જણાયું એટલે મંદાગ્નિથી કબજિયાત થાય છે અને કબજિયાત બધા જ રોગો કરે છે. મનુષ્યના શરીરના બધા જ રોગોનું મૂળ કબજિયાત. તે દૂર કરવા માણસો જુદી જુદી દેશી-વિદેશી દવાઓનો ઉપયોગ કરે છે. તેમાંના કેટલાક ઉપાયો જેવા કે - નેપાળો, પેરેફીન, એગ્રાલ, આલ્બા. વિલાયતી મીઠા જેવા રેચ નુકશાન કરનારા છે. જ્યારે હરડે જેવા કેટલાક અત્યંત લાભ કરનારા છે. આંતરડામાં મળની હાજરીથી સ્વભાવ બગડે છે અને શરીર પણ બગડે છે.

સિવિલ ઈસ્પિતાલોમાં હું જ્યારે ડૉક્ટર તરીકે નોકરી કરતો ત્યારે કબજિયાત દૂર કરવા માટે આવાં વિદેશી દ્રવ્યો હું પણ વાપરતો પણ દર બીજી ત્રીજી સાલે નવી પ્રત નીકળે અને જે પેરેફીન આંતરડાના મળનું શોધન કરતું તે પાછું ખરાબ છે એમ બીજી નવી પ્રતમાં સાબિત કરતું હોય છે, એટલે બુદ્ધિમાં ભ્રમ પેદા થાય છે. બુદ્ધિમાં ભ્રમ થવાથી પ્રમાણભૂતશાસ્ત્ર કે જેનાં સિદ્ધાંત ફરતા નથી તેવા આયુર્વેદ શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કર્યો, અને આ સૃષ્ટિ પહેલાં લખાયેલ આયુર્વેદનું સર્વ શ્રેષ્ઠ ઔષધ હરડેનો, મેં મારી જાત પર અનુભવ કર્યો. પરિણામ એ આવ્યું કે દર વર્ષે માંદો પડનાર હું જ્યારથી હરડે ખાતો થયો છું ત્યારથી હજી સુધી એક પણ દિવસ રોગને વશ થઈ પથારીમાં પટકાયો નથી.

મને આયુર્વેદનું સનાતન સત્ય સમજાયું કે રોગ મટાડવા માટે સર્વશ્રેષ્ઠ, નિર્દોષ અને નિર્ભય ઔષધ આખી સૃષ્ટિમાં જો કોઈ હોય તો તે કેવળ હરડેજ છે અને તેથી મને પણ હરડે સેવનના પ્રચારનું મહત્વ સમજાયું. અશોક સ્થંભ જેવા કીર્તી સ્તંભ અને શિલા લેખો ઉપર કોતરાવવું જોઈએ કે - "હે મનુષ્યો! દુનિયાના બીજા કોઈ પણ રેચ અપનાવતા પહેલાં, જમ્યા પછી હરડેનું સેવન કરી જૂઓ." હરડે માનવમાંથી મહામાનવ બનાવશે.

**કબજીયાતના કારણો :-**

(૧) કુદરતી હાજતે જવાની ઈચ્છા હોય છતાં તે રોકવાથી. (૨) કબજીયાત તરફ બેદરકારી બતાવવાથી સૂકાતો મળ જામતો જ જાય. સોજો આવે અને આંતરડાની નવી જ અટકાયત થાય આમાંથી આંતરડાની પાસે મળોનું રોકાણ થાય છે. (૩) આંતરડાના સ્નાયુ નબળા પડતાં, મળને આગળ ધકેલી શકતા ન હોવાથી. (૪) મેદના દબાણથી આંતરડા કામ કરી શકતા ન હોવાથી. (૫) જેટલો ખોરાક પાચક પચાવી શકે તેના કરતાં વધુ ભોજન કરવાથી. (૬) ખોરાક પૂરેપૂરો પચી રહ્યા પહેલાં હોજરીમાં બીજો ખોરાક નાંખવાથી. (૭) મંદાગ્નિમાં ઉપવાસ કરી અગ્નિ વધારવાને બદલે ખાવાનું ચાલું રાખવાથી. (૮) કસરત ન કરવાથી. (૯) સીધા ટટાર બેસવાને બદલે કમરથી વળીને બેસવાથી. (૧૦) હોજરી અને આંતરડાને મહિનામાં એક વાર પણ લંઘન કરી આરામ ન આપવાથી. (૧૧) ઘરની ઘંટીને બદલે સંચામાં પીસાયેલો લોટ ભોજનમાં ખાવાથી. (૧૨) કબજીયાત કરનાર પદાર્થોમાં જેવા કે બાજરી, મઠ, મસૂર, ઘીલોડાં, દાડમ, દહીં, કેળાં, શિંગોડા, બદામ વિગેરે ખાવાથી. (૧૩) સેલ્યુલોઝ જેવા વજનદાર પદાર્થ દાળના ફોતરામાં કે ઘઉંના થૂલામાં કે શાકભાજીમાં એવી કોઈ રીતે ભોજનમાં ન જવાથી. (લોટને ઝીણો ચાળી ભૂસૂં કાઢી ફેંકી ન દેવું.) (૧૪) ચ્હા, કોફી ને કોક જેવા ગરમ પીણા પીવાથી. (૧૫) ચિંતા, શોક તથા ભયથી પાચક રસો પૂરતા પ્રમાણમાં ઝરે નહિં જેથી અજીર્ણ થાય અને મળનો અટકાવ થાય. (ક્રમશ:)

Bharat Joshi Mob. 99250 47530
Bhumesh Joshi Mob. 97129 51963
Ph. : 2764-234114



BALRAM
SALES CORPORATION
Authorised Dealers :
LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS
7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : મનીષ ભુપેન્દ્ર ભટ્ટ | સંજય રાજેન્દ્રકુમાર ગોર | મિતુલ યોગેશભાઈ ભટ્ટ |
| જન્મ તારીખ | : ૦૮-૦૮-૧૯૮૬ | ૦૨-૦૫-૧૯૮૬ | ૧૭-૦૯-૧૯૮૨ |
| અભ્યાસ | : બી.ઈ. સિવિલ | બી.કોમ., ડી.સી.એ. | બી.કોમ., DGDMS (London Uni.) |
| વ્યવસાય | : નોકરી | નોકરી (એશિયન ગ્રેનેટો ઈન્ડિયા લી., અમદાવાદ) | નોકરી |
| માસિક આવક | : ૨૦,૦૦૦ રૂા. | ૧૦,૦૦૦ રૂા. | ૧૮,૦૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫' ૭'' | - | ૫' ૫'' |
| ગોત્ર | : વચ્છસ | વચ્છસ | કાત્યાયની |
| વતન | : જાદર | દાવડ, તા. ઈડર | અમદાવાદ |
| રહેઠાણ | : મુંબઈ | હિંમતનગર | અમદાવાદ |
| સંપર્ક | : ભુપેન્દ્રભાઈ ચંદુલાલ ભટ્ટ | રાજેન્દ્રકૃષ્ણ પ્રસાદ ગોર | યોગેશભાઈ ભટ્ટ |
| | (૦૨૨) ૨૮૪૮૦૬૮૮ | (૦૨૭૭૨) ૨૪૨૭૧૧, ૯૯૦૯૯૨૯૯૨૪ | ૯૨૨૮૭ ૩૫૭૭૭ |

## વર જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : મોના ભૂપેન્દ્ર ભટ્ટ | પ્રિયાંગી યોગેશભાઈ ભટ્ટ |
| જન્મ તારીખ | : ૦૮-૦૮-૧૯૮૬ | ૧૪-૦૯-૧૯૮૮ |
| અભ્યાસ | : એમ.કોમ. | બી.કોમ., એમ.એસ. ઓફીસ |
| વ્યવસાય | : નોકરી | નોકરી |
| માસિક આવક | : - | ૫૫૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫' ૩'' | ૫' |
| ગોત્ર | : વચ્છસ | કાત્યાયની |
| વતન | : જાદર | અમદાવાદ |
| રહેઠાણ | : મુંબઈ | અમદાવાદ |
| સંપર્ક | : ભુપેન્દ્રભાઈ ચંદુલાલ ભટ્ટ | યોગેશભાઈ ભટ્ટ |
| | ૦૨૨) ૨૮૪૮૦૬૮૮ | ૯૨૨૮૭ ૩૫૭૭૭ |

## શ્રી ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગરના ઉપક્રમે સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો

શ્રી ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગરના ઉપક્રમે હિંમતનગર ખાતે, પંચદેવ મંદિરમાં સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ બળેવના દિવસે યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જનોઈ બદલવા ઉપસ્થિત રહ્યાં હતાં.

Total Power Solution Under one Roof
COMPANY BRANCH OFFICE AT GHATLODIA
EXIDE INDUSTRIAL | SF SONIC | Base | PRESTOLITE
Dealers are Wel-Comed
* Car Batteries : Maruti, Hyundai, Tata, Skoda, Toyota
* Two Wheeler : Honda, Bajaj, TVS, Yamaha, LML
* SMF BATTERIES FOR UPS, INVERTER & HOME UPS
SALES & SERVICES
* On-line UPS (600 VA to 60 KVA)
* Inverter for Residential, Industrial & Hospital Application
* Stabilizer for Industrial & Residential (Home System, A.C., T.V., Freez)
Chirag Pandya Mob. 95379 77122 Kalpesh Rameshchandra Joshi Mob. 95379 77203
SHREE POWER PRODUCTS
LL-12, Manthan Society, Opp. Modi Petrol Pump, Satadhar Char Rasta, Ghatlodia, Ahmedabad-61. E-mail : shreekrj@vsnl.com • shreekrj@rediffmail.com
Required : Sales & Service Engineers
જ્ઞાતિબંધુઓ માટે વિશેષ ઓફર...

# યજ્ઞોપવીતથી સ્વાસ્થ્ય લાભ

- ડૉ. સુરેન્દ્રભાઈ જોષી (લીંભોઈ)

ભારતીય સંસ્કૃતીનું યજ્ઞોપવીત મૌલિક સૂત્ર છે. તેનો સંબંધ અમારા આધ્યાત્મીક આધિદૈવીક તથા આધિભૌતિક જીવન છે. યજ્ઞોપવીત અર્થાત જનોઈ. 'યજ્ઞ સૂત્ર' તથા બ્રહ્મસૂત્ર પણ કહેવાય છે. ડાબા ખભા ઉપર રહેલ જનોઈ દેવભાવ તથા જમણા ખભા ઉપર રહેલ જનોઈ પિતૃભાવની નિશાની છે.

મનુષ્યથી દેવત્વ પ્રાપ્ત કરવા માટે યજ્ઞોપવીત મુખ્ય સાધન છે. યજ્ઞોપવીત અમારા સ્વાસ્થયની સાથે ગાઢ સંબંધ ધરાવે છે. હૃદય, આંતરડા તથા ફેફસાની ક્રિયા ઉપર તેનો વ્યાપક પ્રભાવ પડે છે.

લંડનના કવીન એલિજાબેથ ચિલ્ડ્રન હોસ્પિટલના મૂળ ભારતીય ડૉ. એસ. આર. સક્સેનાના કહેવા પ્રમાણે હિન્દુઓ દ્વારા મળ - મૂત્ર ત્યાગ વખતે કાન ઉપર જનોઈ લટકાવવાનો વૈજ્ઞાનિક આધાર છે. તેમ કરવાથી આંતરડામાં અપકર્ણની ગતિ વધી જા. છે. તેનાથી કબજીયાત દૂર થાય છે તથા મૂત્રાશયની માંસ પેશિયોના સંકોચ વેગથી થાય છે. કાનની પાસેથી નસો દબાવવાથી વધેલું રક્તચાપ (બી.પી.)નું નિયંત્રણ થાય છે તથા દબાણ થવાથી હૃદય મજબૂત થાય છે. કષ્ટથી



થનારી શ્વાસ ક્રિયા સામાન્ય થઈ શકે છે.

કાન ઉપર લપેટેલી જનોઈ મળ-મૂત્ર ત્યાગ કર્યા બાદ અશુદ્ધ હાથોને તુરત સાફ કરવાના હેતુને પ્રેરિત કરે છે. યજ્ઞોપવિત ધારણ કર્યા પછી વારંવાર હાથ, પગ તથા મુખ ધોવાથી બહુ સંક્રામક રોગ થતા નથી. યોગ શાસ્ત્રમાં સ્મરણ શક્તિ તથા નેત્ર જ્યોતિ વધારવા કર્ણ પીડાશનનું બહુ જ મહત્વ છે. તે આસનમાં ઘૂંટણ દ્વારા કાન પર દબાણ કરી શકાય છે. કાન ઉપર કૃસકર જનોઈ લપેટવાથી કર્મપીડાસનના બધા લાભો પ્રાપ્ત થાય છે. ઈટાલીમાં બારી વિશ્વ વિદ્યાલયના ન્યુરો સર્જન પ્રો. અનારિકા વિરાંજલીએ આ સિદ્ધ કર્યું છે કે કાનના મૂળમાં ચારે બાજુથી દબાણ કરવાથી હૃદય મજબૂત બને છે. વિરાંજલીએ હિન્દુઓ દ્વારા કાન પર લપેટેલી જનોઈ હૃદય રોગથી બચાવની કામગીરી કરે છે તેમ પણ કહ્યું છે.

જુના જમાનામાં પટેલ, વાણિયા, સુથાર, બ્રાહ્મણ, રાજપૂત જેવી કોમો જનોઈ ધારણ કરતી હતી. હવે ફક્ત બ્રાહ્મણ, સુથાર, રાજપૂત લોકો જનોઈ ધારણ કરે છે. દુઃખની વાત છે કે બ્રાહ્મણના છોકરાને જનોઈ ધારણ કરાવવા માટે લાખ બે લાખનો ખર્ચ મા-બાપ કરે છે. પરંતુ છોકરાઓ જનોઈ પહેરવામાં નાનમ સમજે છે. આ લેખ વાંચી જો જનોઈ પહેરવામાં આવશે તો તેમના જીવનમાં બધી જ રીતે ફાયદો થશે.


LIC

भारतीय जीवन बीमा निगम

LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D.,**
**SMALL SAVINGS SCHEME,**
**LIC, UTI, PPF, COS. DEPOSITS,**
**SRGE, ICICI MUTUTAL FUND,**
**RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**



**આજે જ આપનું લવાજમ બુક કરાવો**

**ફક્ત રૂા. ૫૦/-**

પ્લોટ નં. ૧૩૧૬/એ/૨,
સેક્ટર-૭ ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન : ૨૩૨૩૦૬૩૨

# લગ્નને પાત્ર બનેલા યુવક-યુવતીઓની ડીરેકટરી

સમાજના આગેવાન અને -ખર જયોતિષી મુ. શ્રી શુકદેવ-સાદ અગ્નિહોત્રીએ સૂચન કરેલ છે કે, લગ્ન માટે લાયક બનેલા સમાજના સૌ યુવક-યુવતીઓનો બાયોડેટા મેળવી દર છ માસે તેને પુસ્તિકા રૂપે -સિધ્ધ કરવો જોઈએ કે જેથી લગ્ન માટેની બધી વિગતો ઉપલબ્ધ બનતાં સરળતાથી યોગ્ય પાત્ર શોધી શકાશે.

મુ.શ્રીશુકદેવ-સાદજીનું સૂચન આવકાર્ય છે અને જ્ઞાતિબંધુઓને તેમના બાળકોનો બાયોડેટા શ્રી ભટ્ટમેવાડા બ્રહમ સમાજ, પ્લોટ નં.૧૩૧૬/એ-૨, સેકટર ૭ ડી, ગાંધીનગરને પત્રથી અથવા ઈ-મેલ પર મોકલી આપવા વિનંતી છે. પૂરતો ડેટા ઉપલબ્ધ થયે તેને -સિધ્ધ કરવામાં આવશે.

આ બાયોડેટામાં નામ, પિતાનું નામ, ગોત્ર, વતન, જન્મ તારીખ, જન્મ સમય, ઊંચાઈ, શૈક્ષણિક લાયકાત, નોકરીની વિગતો, સંપર્કમાટે સરનામું અને ટે.નંબર, માતાનું નામ - વતન અને ગોત્ર સહિતની વિગતો મોકલવાની રહેશે.

# ભટ્ટમેવાડા રકતદાતા રજીસ્ટ્રી

આપણે સૌ જાણીએ છીએ તેમ લોહી એ માનવ જીવન માટે અમૂલ્ય છે. શરીમાં યોગ્ય માત્રામાં લોહી હોવું જરૂરી પણ છે. અકસ્માત અને અન્ય બિમારીઓમાં લોહીની જરૂર પડે છે. આપણા સમાજમાં નિયમિત રકતદાતાઓ પણ છે અને લોહી આપવા માંગે છે તેવા રકતદાતાઓની એક ડીરેકટરી બનાવવાનું વિચારેલ છે કે જેથી સમાજના કોઈપણ ભાઈ/બહેનને ચોકકસ -કારના લોહીની જરૂરિયાત પડે ત્યારે તેમનો તુરત સંપર્ક કરીને જરૂરિયાતમંદને લોહી આપી શકાય.

રકતદાન એ મહાદાન કહેવાયું છે અને રકતદાનથી વ્યકતિને નવી જીંદગી મળતી હોય છે. આથી નિયમિત રકતદાતાઓ અને લોહી આપવા માંગતા સમાજના સૌ યુવાન ભાઈ/બહેનોને આ ભટ્ટમેવાડા રકતદાતા રજીસ્ટ્રીમાં તેમનું નામ નોંધાવવા વિનંતી છે. આ નામ શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં.૧૩૧૬/એ-૨, સેકટર, ૭ ડી ગાંધીનગરને, ઈ-મેલ rmjoshi51@yahoo.com પર નોંધાવવા વિનંતી છે જેમાં નામ, સરનામું, ટે.નં, મોબાઈલ નંબર, બ્લડ ગ્રુપ વગેરે વિગતો આપવા વિનંતી છે.

# ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



ગામ દાવડના વતની હિંમતનગર સ્થિત શ્રી પંડ્યા જયંતિલાલ મગનલાલના સુપુત્ર શ્રી જયપ્રકાશ પંડ્યાની ગુજરાતના વિજળી કામદારોના સૌથી મોટા યુનિયન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના રાજ્યના મહામંત્રી પદે વરણી થયેલ છે. સમગ્ર ભટ્ટ મેવાડા સમાજ તેઓની વરણીને આવકારે છે અને આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. તેઓશ્રીએ ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે. તેઓશ્રીને હાર્દિક અભિનંદન.



રાયગઢના વતની અને મુંબઈમાં સ્થાયી થયેલા ભાવેશ મનહરલાલ જોષીના સુપુત્ર ચિ. શિવાંગ ધોરણ-૧૦ની મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડની એસ.એસ.સી.ની માર્ચ-૨૦૧૧ની પરીક્ષામાં ૯૪.૧૮ ટકા મેળવીને અંગ્રેજી માધ્યમની ઈન્ફન્ટ જીસસ સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે. સમગ્ર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતી કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલીંગજી દાદા તથા કાત્યાયની માતાને પ્રાર્થના.

**સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજનામાં સભ્ય થયેલ દરેકને ટૂંક સમયમાં ઓળખપત્ર આપવામાં આવનાર છે. આ અંગેની કામગીરી ચાલી રહેલ છે જે ટૂંક સમયમાં પૂરી થશે.**

**આજે જ આપનું લવાજમ બુક કરાવો**

**ફક્ત રૂ. ૫૦/-**

પ્લોટ નં. ૧૩૧૬/એ/૨,
સેક્ટર-૭ ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન : ૨૩૨૩૦૬૩૨

Owner : Shree Bhatt Mevada Brahma Samaj, Gandhinagar Printer, Publisher, Editor : Bipinchandra Joshi, Printed : Dharti Offset, Plot No. L-405, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : 1316/A/2, Sector-7 D, Gandhiangar. (GUJARAT)